RP WEB SOLUTIONS
Website For Everyone...
RP Web Solutions
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

ગુજરાતી પખવાડિક
કરવેરા સલાહકાર
સીધા અને આડકતરા કરવેરાની સાદી અને સરળ ભાષામાં માહિતી આપતું ગુજરાતી પખવાડિક
વાર્ષિક લવાજમ :- ૨૭૯૫
સંપર્ક:-
પૂજા પબ્લિકેશન
મનિષ શાહ
૯૯૨૪૧ ૧૯૩૨૯

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષઃ ૬, ◆ અંકઃ ૧૫, ◆ સળંગ અંકઃ ૭૫, ◆ તા.૨૧/૦૧/૨૦૨૩, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશકઃ ભવ્ય દિપકભાઈ પોપટ, ◆ પ્રકાશન સ્થળઃ ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઈન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સઃ ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

## હવે સસ્પેન્ડ થયેલા જી.એસ.ટી. નંબર ફરી ચાલુ કરાવવા બનશે સરળ!! જી.એસ.ટી. પોર્ટલ પર આપવામાં આવી આ સગવડતા

તા. ૧૩.૦૧.૨૦૨૩: જી.એસ.ટી. કાયદા હેઠળ જી.એસ.ટી. રિટર્ન ભરવામાં ચૂક કરનાર કરદાતાઓના જી.એસ.ટી. રજીસ્ટ્રેશન રદ કરવાની સત્તા જી.એસ.ટી. અધિકારીને આપવામાં આવેલ છે. માસિક રિટર્ન ભરતા કરદાતા જેઓ ના સતત ૬ મહિનાના રિટર્ન ભરવાના બાકી હોય, ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓના બે ત્રિમાસિક પત્રક ભરવાના બાકી હોય, કંપોઝીશન પરવાનગી ધરાવતા કરદાતાઓ માટે જ્યારે તેઓના GSTR 04માં ભરવાના થતાં વાર્ષિક રિટર્ન મુદત વીતી ગયા પછી ત્રણ મહિના સુધી ભરવામાં ના આવે ત્યારે જી.એસ.ટી. નોંધણી દાખલો રદ કરવાની સત્તા અધિકારીને આપવામાં આવેલ છે. આ પ્રકારે નોંધણી દાખલો રદ કરવાની સત્તા જી.એસ.ટી. કાયદાની કલમ ૨૯(૨) હેઠળ ચોક્કસ આપવામાં આવેલ છે. ઓક્ટોબર ૨૦૨૨થી આ કરદાતાઓને સિસ્ટમ જનરેટેડ નોટિસ આપવામાં આવી રહી છે. આ નોટિસ આપવામાં આવે ત્યારથી કરદાતાનો જી.એસ.ટી. નંબર સસ્પેન્ડ (સ્થગિત) બની જતો હોય છે.

હવે કરદાતાઓને વધુ એક સગવડતા જી.એસ.ટી. પોર્ટલ ઉપર આપવામાં આવી છે. હવેથી રિટર્ન ના ભરવાને કારણે રદ કરવામાં આવેલ




નોંધણી દાખલા બાબતે કરદાતાઓ જ્યારે આ બાકી રિટર્ન ભરી આપે ત્યારે 'ઇનિશિએટ ડ્રોપ પ્રોસિડિંગ' દ્વારા જી.એસ.ટી. નંબર સસ્પેન્ડ (સ્થગિત) થયો હોય તે ચાલુ કરાવવા અરજી કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો છે. એવી ફરિયાદો ઉઠી રહી હતી કે કરદાતાનો નંબર રિટર્ન ના ભરવાના કારણે સસ્પેન્ડ થયો હોય ત્યારે કરદાતા બાકી રિટર્ન ભરી આપે છતાં પણ તેઓના રજીસ્ટ્રેશન ચાલુ કરવામાં આવતા ના હતા. હવે આ નવી સગવડ મળતા કરદાતાઓના નંબર જલ્દી ચાલુ થઈ જશે તેવું માનવમાં આવી રહ્યું છે. અત્રે એ જાણવું જરૂરી છે કે આ સગવડનો ઉપયોગ માત્ર જે કરદાતાઓના જી.એસ.ટી. નંબર સસ્પેન્ડ થયા છે તેઓ જ કરી શકશે. જે કરદાતાઓના જી.એસ.ટી. નંબર સસ્પેનશન બાદ રદ કરી નાંખવામાં આવેલ છે તેઓ એ જી.એસ.ટી. હેઠળ રિવોકેશનના વિકલ્પ દ્વારા જ પોતાનો જી.એસ.ટી. નંબર પુનઃજીવિત કરાવવાનો રહેશે. 'રિવોકેશન'ની પણ ઘણી અરજીઓ નિકાલ વગર પેન્ડિંગ છે તેવી પણ માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે. આવા રિવોકેશનની અરજીઓ બાબતે પણ આવી સરળ પ્રક્રિયા અમલી બનાવવામાં આવે તેવી માંગ વેપારી વર્ગમાં ઉઠી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે.**

## વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના GSTR 2A અને GSTR 3Bના તફાવતની સમસ્યા અને એ સમસ્યાનું સમાધાન એટલે સર્કયુલર નંબર ૧૮૩ !



By Bhargav Ganatra,
Lawyer, Jetpur-Rajkot




આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન શ્રી કૃષ્ણ એ કહેલુ છે કે કોઈ પણ સમસ્યા પોતાના સમાધાન સાથે જન્મ લેતી હોય છે. તો એવુ જ કશુક થયુ છે GSTની અંદર પણ કે જે વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના GSTR 2A અને GSTR 3Bના ITCના તફાવતની સમસ્યા છે એનુ સમાધાન GSTની પોલિસી વિન્ગે તા.૨૭ ડિસેમ્બર, ૨૦૨૨ના સર્કયુલર નંબર ૧૮/૧૫/૨૦૨૨ મારફત આપ્યુ છે.

આ સર્કયુલર મુજબ નીચે દર્શાવેલી અલગ અલગ સમસ્યા માટે એક ખાસ સમાધાન દર્શાવતી પ્રક્રિયાની શરતોને અનુસરવાની રહેશે.

૧) સપ્લાયરે પોતાનું GSTR 3B ભરેલુ છે પરંતુ પોતાનુ GSTR 1 નથી ભરેલુ અને જેને લીધે રિસિપ્યન્ટના GSTR 2Aની અંદર તે ITC નથી.

૨) સપ્લાયરે પોતાનુ GSTR 3B અને GSTR 1 બંને ભરેલુ છે પરંતુ પોતાના GSTR 1ની અંદર રિસિપ્યન્ટનુ વેચાણ બતાવવાનુ રહી ગયુ છે અને જેને લીધે રિસિપ્યન્ટના GSTR 2Aની અંદર તે ITC નથી

૩) સપ્લાયરે પોતાના GSTR 1ની અંદર રિસિપ્યન્ટને કરેલા વેચાણને B2B વેચાણમા દેખાડવાની જગ્યાએ B2Cની અંદર દેખાડેલુ છે અને જેને લીધે રિસિપ્યન્ટના GSTR 2Aની અંદર તે ITC નથી.

૪) સપ્લાયરે પોતાનુ GSTR 1 અને GSTR 3B તો બરોબર ભર્યુ છે પણ રિસિપ્યન્ટના GSTN ને બદલે બીજા કોઈનો GSTN ટાકી દીધો છે જેને લીધે રિસિપ્યન્ટના GSTR 2Aની અંદર ITC નથી.

**સમાધાન દર્શોવતી પ્રક્રિયાની શરતો નીચે મુજબ છે.**

- CGST એકટની કલમ ૧૬ મુજબ નીચે મુજબની શરતોનુ પાલન થયુ છે તે અંગેની ખાતરી દર્શોવતી વીગતો હોવી જોઈએ.
  - રિસિપયન્ટ પાસે સપ્લાયરે એ આપેલ ટેકસ ઈન્વોઈસ અથવા ડેબિટ નોટ હોવી જોઈએ.
  - રિસિપયન્ટને ગુડ્સ, સર્વિસ અથવા બંને મળી ગયેલા હોવા જોઈએ.
  - રિસિપયન્ટે સપ્લાયના બદલામા તે રકમની ચુકવણી કરેલી હોવી જોઈએ.
- રિસિપયન્ટે આ ITC CGST એકટની કલમ ૧૭, ૧૮ અને ૧૬(૪)ની શરતોનુ ઉલ્લંઘન કર્યો વગર લીધેલી હોવી જોઈએ.
- જો GSTR 2A અને GSTR 3B વચ્ચેની ITCનો તફાવત જો પાચ લાખ સુધી હોય તો સપ્લાયરનુ પ્રમાણપત્ર હોવુ જોઈએ જેની અંદર લખેલુ હોય કે તેમણે ગુડસ અથવા સર્વિસ આપેલી હતી અને તે ગુડસ અથવા સર્વિસને લગતો GST તેમણે ભરી દીધેલો છે.
- જો GSTR 2A અને GSTR 3B વચ્ચેની ITCનો તફાવત જો પાચ લાખ કરતા વધારે હોય તો CA અથવા CMAનુ પ્રમાણ પત્ર હોવુ જોઈએ જેની અંદર લખેલુ હોય કે જે ITC GSTR 2Aની અંદર નથી દેખાડતી તેને સંબંધિત સપ્લાયરે તે ગુડસ અથવા સર્વિસ આપેલી હતી અને તે ગુડસ અને સર્વિસને લગતો GST પણ તે સપ્લાયરે ભરી દીધેલો છે.
- જો ITC ૨૦૧૭-૧૮ને લગતી હશે અને સપ્લાયરે તે અંગેની વિગતો પોતાના માર્ચ ૨૦૧૯ પછીના GSTR 1 મા દર્શોવેલી હશે તો રિસિપયન્ટને આ સમાધાનકારક સર્કેયુલરનો લાભ તે ITC માટે નહી મળે.
- આ સર્કેયુલરનો ફાયદો ખરા અર્થેમા દેખાતી ભુલો માટે જ રહેશે.
- આ સર્કેયુલરનો ફાયદો ચાલુ આકરણી, ઓડીટ તથા તપાસ માટે જ રહેશે. જો કે અપીલ અથવા એડજયુડીકેશન જે કિસ્સાઓમા બાકી હશે તેને આ સર્કેયુલરનો ફાયદો મળશે.

તો ઉપર મુજબની શરતોનુ જો પાલન થતુ હશે તો ૨૦૧૭-૧૮ અને ૨૦૧૮-૧૯ના GSTR 2A અને GSTR 3Bના તફાવતો ઉકેલવા સરળ રહેશે તે ચોકકસ વાત છે.

પરંતુ William Shakespeare એ કહેલુ છે કે, All That Glitters is not Gold અને તેવી જ રીતે સર્કેયુલર ૧૮૩ એ પણ કહેલુ છે કે "These Guidelines are clarificatory in nature and may be applied as per facts and circumstances of each cases and shall not be used for interpretation of provision of law ".

તો હવે આ છેતે જ રહે તે માટેની આશા ટેક્સપેયર્સ જરૂર રાખશે !


Website
flamingoclubresort.com

Contact
+91 98244 21700
+91 95589 87734
+91 99241 21700

Flamingo Club & Resort









An Eco resort where Nature meets Luxury

Location: Delwada Diu Road, Village NaliaMandvi, Ta. Una. (Just 3 KM to Diu Border)

Ideal place for destination Weddings and Pre Wedding Photoshoot

-: Amenities :-

- Presidential Suite
- 2 VIP Suites
- 20 Lavish Premium Villas
- 4 Family rooms
- 3 Eco Rooms
- State of Art Multi Cuisine Restaurant
- Elegant Banquet Hall
- Swimming Pool
- Gymnasium,
- Kids Boating area
- Kids Play Area
- Library
- Sun Rise and Sun set deck
- Nature Walk Way
- Cycle Track
- Reception Lawn

## જંત્રીના ભાવમાં આવી રહ્યો છે વધારો!!! સાથો સાથ સ્ટેમ્પ ડ્યૂટીના દરમાં ઘટાડો કરવો છે જરૂરી

### સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે ઓછામાં ઓછું ૨૫% જેવો વધારો થશે જંત્રી મૂલ્યમાં

તા. ૨૧.૦૧.૨૦૨૩: ગુજરાત સરકાર દ્વારા એક દાયકાથી વધુ સમય બાદ જંત્રીમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી છે. જંત્રી એટ્લે એવું મૂલ્ય જે સરકાર દ્વારા જે તે મિલ્કત માટે અંદાજવામાં આવતું હોય. આ જંત્રી, કોઈ પણ દસ્તાવેજને સબ રજીસ્ટ્રાર ઓફિસમાં સ્થાવર મિલ્કત નોંધાવવા માટે મહત્વ ધરાવતી હોય છે. આ જંત્રીના દરોમાં વધારો સૂચવવા સરકારી તંત્ર કમર કસી રહ્યાની માહિતી મળી રહી છે. આ સાથે જ એવી પણ માહિતી મળી રહી છે કે જંત્રીમાં થઈ રહેલો વધારો ઓછામાં ઓછો ૨૫% જેટલો તો રહેશે જ. આ જંત્રીમાં વધુ સૂક્ષ્મ અંદાજ કરી માત્ર અલગ અલગ



વિસ્તાર માટે જ નહીં પરંતુ એક જ વિસ્તારની અલગ અલગ મિલ્કત સંદર્ભે અલગ અલગ જંત્રી મૂલ્ય બહાર પાડવામાં આવી શકે છે તેવી માહિતી મળી રહી છે.

એક દાયકા બાદ જંત્રીમાં વધારો કરવામાં આવે તે સ્વાભાવિક છે. એ બાબત પણ સૌ જાણે અને માને છે કે જમીની સરકારી જંત્રી કરતાં અનેક ગણી મોટી કિંમત પર મિલ્કતોના સોદા થતાં હોય છે. પરંતુ આ જંત્રીના મૂલ્યમાં વધારા સાથે સ્ટેમ્પ ડ્યૂટીનો દર ઘટાડવો ખાસ જરૂરી છે. હાલ, ૪.૯% જેવો ઊંચો સ્ટેમ્પ ડ્યૂટીનો દર ગુજરાત રાજ્યમાં લાગુ છે. વિધાનસભામાં ટૂંક સમયમાં રજૂ થતાં બજેટમાં આ દર ઘટાડવામાં આવે તેવી માંગણી ઉઠી રહી છે. એક બાબત જાણવી જરૂરી છે કે જંત્રીનો આ વધારો વ્યક્તિના મિલ્કત વેચાણના ઈન્કમ ટેક્સ પ્લાનિંગ ઉપર પણ અસર કરતું હોય છે. માટે જે મિલ્કતના સોદા અગાઉ થઈ ગયા છે તેઓએ આ મિલ્કત સંદર્ભે નોંધણી ત્વરિત કરાવવી જોઈએ તેવું નિષ્ણાંતો માની રહ્યા છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**




# બજેટ ૨૦૨૩: થોડા હે થોડે કી ઝરૂરત હે

તા. ૨૪.૦૧.૨૦૨૩: કેન્દ્રની મોદી સરકાર દ્વારા ૦૧ ફેબ્રુઆરીના રોજ કેન્દ્ર સરકારનું વર્ષ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટેનું બજેટ રજૂ કરશે. બજેટને હંમેશા ધંધાકીય માંધાતાઓથી માંડીને સામાન્ય લોકો માટે ચર્ચાનો વિષય રહેતું હોય છે. દરેક જનસામાન્યને બજેટમાં શું રાહતો આપવામાં આવશે અને ક્યાં ફાયદા બજેટ દ્વારા તેઓને મળશે એ જાણવામાં રસ હોય છે. બજેટ નજીક હોય ત્યારે બજેટની આશા અપેક્ષાઓ વિષે પણ ઘણા લેખ-ચર્ચાઓ પ્રસિદ્ધ થતી હોય છે. આજે આ લેખમાં ટેક્સ ક્ષેત્રે કાર્યરત એવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એડવોકેટ્સ, ટેક્સ કન્સલ્ટન્ટસના બજેટ ૨૦૨૩ માટેની તેમની આશા-અપેક્ષાઓ અંગે અભિપ્રાય લેવામાં આવ્યા છે.

## CA ચિંતન પોપટ, વડોદરા



CA તરીકે પ્રેક્ટિસ કરતાં મારા મંતવ્ય મુજબ આ બજેટમાં નીચેની બાબતો એ જાહેરાત થાય તેવું હું માનું છું.

- નોકરિયાત વર્ગ માટે ૫૦૦૦૦/-નું આપવામાં આવતું સ્ટાન્ડર્ડ ડીડકશન આ બજેટમાં દૂર કરવામાં આવે તેવી શક્યતાઓ છે.
- હાલ, વ્યક્તિગત કરદાતાઓને આપવામાં આવતા ૧૨૫૦૦/- સુધીના કલમ ૮૭Aના રિબેટ દૂર કરી ઇન્કમ ટેક્સ મુક્તિ મર્યાદા ૫ લાખ સુધી વધારવામાં આવે તેવી હું આશા રાખું છું.
- હાલ, કરદાતાઓના ઇન્કમ ટેક્સ હેઠળ દર્શાવવામાં આવતા AIS-TIS સંપૂર્ણ રીતે સાચા હોતા નથી. તો આને પ્રમાણ લઈ કરદાતાઓના રિટર્નની ચકાસણી (સ્કૃટિની) હાથ ના ધરવામાં આવે તે જરૂરી છે.
- કંપનીની માફક ભાગીદારી પેઢી તથા LLPને પણ ૨૫%ના રાહત દરે ટેક્સ લાગુ કરવામાં આવે તે અંગે જાહેરાત થશે તેવી આશા મને રહેલી છે.
- ભાગીદારી પેઢીમાં ભાગીદારોને આપવામાં આવતા મહેનતાનાની મર્યાદા વધારવામાં આવશે તેવી પણ હું આશા રાખું છું.
- ઇન્કમ ટેક્સ કાયદાની કલમ 44ADA હેઠળ પ્રોફેશનલ્સ જેવા કે ડોક્ટર, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, વકીલો માટે નફાનો નિયત રકમ ૫૦% થી ઘટાડી ૩૩% કરવામાં આવે તેવી અપેક્ષા છે.
- ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસને પ્રાધાન્ય આપતા કંપની કાયદા અને ઇન્કમ ટેક્સ કાયદા હેઠળના ઘસારાના દરને સમાન કરવામાં આવે તે ખૂબ જરૂરી છે.
- ઇન્કમ ટેક્સ TDS હેઠળની 234E હેઠળ લગતી લેઈટ ફી ઘટાડવા,આ આવે તેવી પણ આશા સેવી રહ્યો છું.

## તો આશાઓનુ તારણ કાઢીએ તો એવુ જ રહેશે કે એવા બજેટ ની આશા કે જે ભારતને વિશ્વગુરુ તરફની હોડમા અગ્રેસર રાખે !!



CA દિવ્યેશ સોઢા, પોરબંદર

પ્રથમ ટેક્સને લગતા કાયદાના પાલનમાં સરળીકરણ ખાસ જરુરી છે. બીજું એક્સપોર્ટને લગતા બિઝનેસને વધુ મહત્વ આપવું જરૂરી છે અને જે ક્ષેત્રોમાં ચાઈના સાથે બોર્ડરના ઇસ્યુના લીધે એક્સપોર્ટ બિઝનેસ ઓછો થયો છે તથા યુરોપ જેવા વેસ્ટર્ન કન્ટ્રીમાં મંદીના લીધે ત્યાં પણ એક્સપોર્ટ બિઝનેસ ઓછો થયો છે તેવા ક્ષેત્ર ને ટકાવી રાખવા માટે પગલાં લેવા ખાસ જરૂરી છે. આ ઉપરાંત હું માનું છું કે આવતું વર્ષ ચૂંટણીનું વર્ષ હોઈ સામાન્ય રીતે વેપાર ઉદ્યોગ પર કોઈ નવું ભારણ નહીં આવે તથા તેમને વેગ મળી રહે તેવી જાહેરાતોની શક્યતા વધુ છે. સામાન્ય લોકોને બજેટમાં હમેશા એક જ અપેક્ષા હોઈ છે કે ઇન્કમ ટેક્સના સ્લેબમાં કોઈ રાહત આપવામાં આવે તથા ઇન્કમ ટેક્સની કલમ 80Cમાં મળતા ડિડક્સનમાં વધારો કરવામાં આવે. આ આશા ઉપર નાણાંમંત્રી ખરા ઉતરે તેવી આશા રાખું છું. એકંદરે બજેટ લોકો માટે સારા સમાચાર લઈ આવશે તેવું હું માનું છું અને તેવી આશા સેવી રહ્યો છું.

## ઇન્કમ ટેકસની મુક્તિ મર્યાદા ૫ લાખની થાય અને ત્યારબાદ પણ ૫%નો સ્લેબ આપવામાં આવે તેવી અપેક્ષા

### ભવ્ય પોપટ, ટેક્સ ટુડે



બજેટ ૨૦૨૩ પાસે મારી અપેક્ષા છે કે અંદાજપત્રમાં કરવામાં આવતી જોગવાઈને સરળભાષામાં સમજાવે તેવું સરકારી આધિકારીક પત્ર બહાર પાડવામાં આવે તે જરૂરી છે. હું ચોક્કસ પણે માનું છું કે કરદાતાઓને પ્રેરણા મળે તે માટે ઉચ્ચ ટેક્સ ભરતા કરદાતાઓને સન્માન મળે તેવી રીતે સરકારી કાર્યક્રમોમાં VIP આમંત્રણ આપવામાં આવે તેવી જોગવાઈ પ્રધાનમંત્રીશ્રીના "Honouring the Honest" હેઠળ કરવામાં આવે તે જરૂરી છે. નોટબંધી સમયે કાળું નાણું બહાર લાવવાના હેતુથી ઇન્કમ ટેક્સ હેઠળ કરદાતાની આવકમાં ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેટ દ્વારા જ્યારે કોઈ વધારો કરવામાં આવે છે ત્યારે તેના ઉપર ૭૦% થી વધુ વેરો લાગુ કરવાની જોગવાઈ રહેલી છે. હવે નોટબંધીને આજે ૬ વર્ષથી વધુ સમય થઈ ગયો છે ત્યારે, આ દરમાં ઘટાડો કરવામાં આવે તે ખૂબ જરૂરી છે. વેપાર ઉદ્યોગ ક્ષેત્રે સૌથી મોટી આશા એ સેવી રહ્યો છું કે સિમલેસ ક્રેડિટના હેતુ સાથે લાગુ કરવામાં આવેલ જી.એસ.ટી. હેઠળ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ નામંજૂર કરવાની જોગવાઇઓ હળવી બનાવવામાં આવે. આ ઉપરાંત જેમ અમુક શરતો આધીન કંપની ઉપર ઇન્કમ ટેક્સના દરો ૨૫% કરવામાં આવ્યા છે તેવી જ રીતે ભાગીદારી પેઢી માટે પણ વેરાનો દર ૩૦% થી ઘટાડી ૨૫% કરવામાં આવે. સામાન્ય લોકો બજેટ પાસેથી માત્ર એક અપેક્ષા સેવતા હોય છે કે ઇન્કમ ટેક્સના સ્લેબ (દર) ઘટાડવામાં આવે જેથી ટેક્સની રકમ ઓછી થાય અને થોડી વધુ રકમ તેઓની મર્યાદિત આવકમાંથી તેઓની પાસે વધે. મને વિશ્વાસ છે કે આ બજેટમાં ઇન્કમ ટેક્સ મુક્તિ મર્યાદા ૨.૫ લાખ થી વધારી ૫ લાખ કરવામાં આવશે. ઘણા લોકો માને છે કે હાલ પણ આ મર્યાદા ૫ લાખ જ છે, પરંતુ આ માન્યતા ખોટી છે. હાલ ઇન્કમ ટેક્સ મુક્તિ મર્યાદા ૨.૫ લાખ છે અને ત્યાર બાદ ૫ લાખ સુધી આવક હોય તેને એક ખાસ રિબેટ (ટેક્સમાંથી મુક્તિ) આપવામાં આવેલ છે. ૫ લાખથી ઉપર ૭.૫. લાખ સુધી વેરાનો દર ૫% કરી આપવામાં આવે તેવી પણ મને આશા છે.

## બજેટ: છોટી શી આશા....!



Bhargav Ganatra
Lawyer-CA (Inter)

જયારે-જયારે ફેબ્રુઆરી મહિનાની અંદર બજેટ રજુ કરવાનો સમય નજીક આવતો આવે ત્યારે કદાચ દેશના બધા નાગરિકો ને રોઝા મુવીના પહેલા ગીતની પંકિતઓ યાદ આવી જતી હશે કે....

**दिल है छोटा सा, छोटी सी आशा**
**मस्ती भरे मन की, भोली सी आशा**

તો પછી મારા આ નાનકડા જીવની અંદર આ અંગે કોઈ આશા ના હોય એવુ તો શકય જ નથી. તો ચાલો જાણીએ કે શુ હોઈ શકે આવનારા બજેટ પ્રત્યે ની આશાઓ

**● રામ-રાજય બજેટ:-**

સૌ પ્રથમ આપણે કોઈ કરપ્રણાલી પરના ફેરફારોની આશાની વાત કરીએ એ પહેલા નાગરિક તરીકે ઈચ્છાતી સામાન્ય આશાઓની વાત કરવી જરૂરી છે. આપણે ઘણી વખત કોઈના મો એ જાણ્યુ હશે કે બજેટ તો હમેશા રામ-રાજય બજેટ હોવુ જોઈએ. તો રામ-રાજય બજેટ એટલે કે ભગવાન શ્રી રામ ના મંતવ્ય મુજબ કરપ્રણાલી ની વ્યવસ્થા જેની અંદર મુખ્યત્વે બે મુદ્દા ઉપર ભાર મુકવામા આવેલો છે.

૧) સરકાર એ ટેકસ સુર્ય ની જેમ લેવો જોઈએ અને એ રુપી વળતર એ રીતે આપવુ જોઈએ કે જેથી બધા નાગરિકોને એ અંગે જાણ રહે અને તેઓ લાભ લઈ શકે.

૨) સરકાર એ સમાજના કહેવાતા અમિર વર્ગ પાસેથી વધુ ટેકસ લેવો જોઈએ અને મધ્યમ તથા ગરીબ વર્ગ પાસેથી નહીવત ટેકસ લેવો જોઈએ

તો સૌ પ્રથમ આશા તો બજેટ પાસેથી રામ-રાજય કરપ્રણાલીને અનુસરીને સુર્યરુપી બજેટની જ રહેશે

**● જનહિતાર્થે માટ્ટે નવી સ્કીમ રદબાતલ કરવી :-**

મિત્રો, આપણે જાણીએ છીએ તેમ AY ૨૧-૨૨ થી Individual અને HUF માટે જુની વ્યવસ્થાની સાથે સાથે નવી વ્યવસ્થા કલમ ૧૧૫ BAC સાથે ઉમેરવામા આવી.

આ નવી વ્યવસ્થા હેઠળ જો કોઈ Indivudual અથવા HUF પોતાની કરપાત્રતા નકકી કરે તો તેમને જુની વ્યવસ્થાની સરખામણીમાં ટેકસના દરોમાં મહદઅંશે ફાયદો છે પરંતુ તેમને ચેપ્ટર VI-Aના રોકાણ તથા બચત ઉપર મળ્તા ડીડકશનનો ફાયદો મેળવી શકતા નથી.

તો આ નવી વ્યવસ્થા જનહિતાર્થે માટે રદબાતલ કરવી એટ્લે જરુરી છે કારણ કે આપણા દેશના લોકો પહેલેથી જ બચત અને રોકાણ માટ્ટે ટ્રેવાયેલા લોકો છે. અને કદાચ આ જ બચત અને રોકાણની વૃત્તિ ને કારણે આપણને વૈશ્વિક મંદીઓ કયારેય બાધા લાગી નથી. તો લોકોની આ વૃત્તિને જાળવી અને ટકાવી રાખવા માટ્ટે નવી વ્યવસ્થા સંપુર્ણપણે રદબાતલ થવી જઈએ જેનો આમ પણ કોઈ હજુ ખાસ પ્રતિસાદ જોવા નથી મળ્યો.

**● PGBPનો કલમ ૪૩(૧)મા જરુરી ટાચણી રુપ ફેરફાર :-**

આયકરના કાયદાની કલમ ૪૩(૧) મુજબ જો કોઈ વ્યકિત કોઈ બિલ્ડીંગ જે ધંધાની અંદર વપરાશમા નહોતી પરંતુ હવે ધંધાની અંદર લાવવામા આવે છે તો કલમ ૩૨ મુજબ ઘસારો ગણવા માટ્ટે તેમની મુળ કિમત માથી જયા સુધી એ બિલ્ડીંગ વપરાશમા નહોતી તેનો કાલ્પનિક ઘસારો બાદ આપવામા આવે છે.

તો જો આ કલમ ની અંદર બિલ્ડીંગ ની જગ્યાએ અન્ય બધી મિલકતો નો સમાવેશ કરવામા આવે તો અન્ય બધી મિલકતો માટ્ટે તર્કસંગતતા જળવાઈ રહેશે જે ખુબ જરુરી છે.

**● IFOSની કલમ 56(2)(X)મા ‘‘જીવન કે બાદ’’વાળો મહત્વનો માગી લેતો ફેરફાર:-**

આપણે જાણીએ છીએ તે રીતે AY ૨૦-૨૧ થી કલમ 56(2)(X)ની અંદર એક મહત્વનો ફેરફાર કરવામા આવ્યો કે જો કોઈ વ્યકિતનુ મૃત્યુ COVID-19ને કારણે થયુ હોય અને તે વ્યકિતના પરિવાર ને તે વ્યકિતના Employer પાસેથી કોઈ રકમ મળી હોય અથવા અન્ય કોઈ વ્યકિત પાસેથી ૧૦ લાખ સુધી ની રકમ મળી હોય તો અમુક શરતો ને આધારે આ રકમ કરપાત્રતા નિર્ધારણ માટ્ટે નહી લેવામા આવે. હાલ તો COVID-19ની કોઈ અસર આપણા દેશ ઉપર નથી. પરંતુ, જો એક બીજા દ્રષ્ટિ કોણ થી વીચારીએ તો COVID-19 સિવાય પણ મૃત્યુ પામતા વ્યકિતના પરિવારને મહદઅંશે પોતાના જીવન નિર્વાહ માટ્ટે અમુક રાશીની જરુર રહેતી જ હોય છે. તો આ કલમમા સુધારો કરી શારીતિક ફેરફારો સાથે જો આ લાભ અન્ય લોકો માટે પણ પહોચાડીએ તો લોકો પણ આ અંગે જાગૃત થશે અને આ ઉમદા કાર્યે માટ્ટે દુખી પરિવાર ને મદદ કરવા તત્પર રહેશે.

**● ખેતી ઉપર કરપાત્રતા :-**

આપણે જાણીએ છીએ તે રીતે Entry બંધારણના પરિશિષ્ટની એન્ટ્રી ૮૨ મુજબ ભારતની કેન્દ્ર સરકાર પાસે ખેતી સિવાય અન્ય આવકો ઉપર કર લાદવા માટ્ટે સતા છે જયારે Entry ૪૬ મુજબ રાજય સરકાર પાસે ખેતી ઉપર કર લાદવાની સતા છે.

ખેતી ઉપર કરપાત્રતા નિર્ધારણ કરવુ એ કોઈ આજ કાલની ચર્ચાઓની વાત નથી. દેશના ઘણા બુધ્ધિ જીવીઓ તથા કર સલાહકારો ના આ અંગેના તરફેણના મંતવ્યો હોય છે. તો આ અંગેનો New Indian Expressની અંદર તા.૨૧ જાન્યુઆરી, ૨૦૨૩ના રોજનો અહેવાલ કદાચ આ અંગેની સમજ વધુ સપષ્ટ કરે છે એવુ લાગી રહયુ છે. આ લેખ Bibek Debroyનો છે જે હાલ PMOના Economic Advisoryના Chairman છે.

**લેખની લિન્ક:-** https://www.newindianexpress.com/opinions/2023/jan/21/the-necessity-of-taxing-farmers-income-in-india-2539771.html

**નોધ :-** અહી એ સપષ્ટ કરી દેવામા આવે છે કે ખેતી ઉપર કરપાત્રતા અંગે મારો વ્યુહ નિષ્પક્ષ છે.

## By Pankaj Shah, President, TAAG
## Expectation from Budget 2023



The Budget can announce steps that will help accelerate growth. However this has to be done consistently and for a considerable longer period of time. Apart from the overall economic prudence, tax regime plays a major role in the overall growth of any economy.

**Here is a wish list from Budget 2023.**

- Income Tax Slabs should be rationalized under the new regime from six slab structure to three slab structure as in the old regime.
- Standard Deduction should be made available to the salaried class as a percentage of his/her salary with a certain maximum cap rather than a fixed amount of Rs. 50,000/- as is the case now.
- There should be an increase in the limit of Section 80C from Rs. 1,50,000/- to Rs. 3,00,000/-, as there is no increase in these limits since FY 2014-15.
- Health insurance premium is tax deductible u/s 80D up to 25,000 and up to Rs. 50,000 for senior citizens. Post the pandemic, the health insurance premiums have increased significantly. To encourage more people to buy health insurance, the limit for claiming deduction u/s 80D should be increased appropriately.
- Interest on EPF contribution above 2.5 lakh is taxable. However, it is not clarified that it should be taxed on accrual basis on withdrawal. It is suggested to tax interest income at the time of withdrawal.
- Interest on housing loan under Section 24 (b) should be increased from Rs. 2,00,000/- to Rs. 4,00,000/-. The home loan and real estate sectors are expected to be significantly impacted by rising interest rates. Affordability will become a major issue for buyers going forward due to rising rates.
- Interest on housing loan taken during construction period is allowed for deduction in five equal instalments from the year of completion of construction. Since, irrespective of the construction status, the buyer is paying the EMI, the interest deduction should be allowed in the year of payment.
- Currently the tax rates are different for different sectors. In order for India to stand as a manufacturing as well as a services industry hub, the corporates expect that a similarity should be introduced in the tax rates. If the corporate tax rate of 15 per cent is introduced, then India will have one of the most globally competitive corporate tax rates. This will not only strengthen the industrial/manufacturing sector, but will also pave the way for the services sector to grow and outperform.
- Partnership firms and Limited Liability Partnership (LLPs) are taxable at a flat rate of 30 per cent. The Government had provided concessional/alternate tax system for domestic companies, individuals, hindu undivided families (HUF) and cooperative societies. It is recommended that Government introduce corresponding concessional tax regimes for partnership firms and LLPs.
- Section 36 (1) (iva) provides that deduction shall be allowed to the employer with respect to the contribution made by the employer towards NPS to the extent it does not exceed 10 per cent of the salary of the employee. Since the contribution of the Central Government towards NPS has increased from 10 per cent to 14 per cent, the consequent changes should be made in Section 36 to bring uniformity between both the sections.
- The Budget must end the discrimination in tax rates on capital gains across sectors and investment instruments. Currently, capital gains on real estate, equity instruments, debt instruments and mutual funds are taxed at different rates. Time span defining long and short-term capital gains can be different for different assets. These tax-rate differences create inefficiencies in the allocation of investment. For instance, the higher tax rate on capital gains in real estate diverts investment from it to other sectors yielding lower return but subject to taxation at a lower rate. Many distortions in the tax system result from a desire to pursue equity. But a good principle is to design taxes so as to maximise the value of output and pursue equity through social spending. Pursuit of equity does not have to impoverish the nation as a whole.
- The regime of exemption in personal income taxation should be ended just as was done in corporate taxation.
- The principle of horizontal equity be in taxation says that those earning the same income must be assessed the same tax liability. But when the tax system allows exemptions based on how income is earned or spent, individuals with the same income can end up with vastly different tax liabilities.

Our tax system is way too complex. Simplification should be the inherent mantra in this Budget. Lastly our income tax system is structured in a way which favors the non-salaried rich. The government should try and make our income tax system more equitable.

**આ હતી બજેટ ૨૦૨૩ ઉપરની ટેક્સ પ્રોફેશનલ્સની અપેક્ષાઓ. આશા રાખીએ કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ‘‘ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ’’ના સ્વપનને ધ્યાને રાખી બજેટ ૨૦૨૩ સામાન્ય લોકોની તથા ધંધાકીય વર્ગને ફાયદો આપનારું સાબિત થશે.**

## Staff Training Program for CA, Advocate, Tax Consultants

‘ટેક્સ ટુડે’ દ્વારા માર્ચ મહિનામાં CA, એડવોકેટ તથા ટેક્સ કન્સલ્ટંટ્સના સ્ટાફ તથા એકાઉન્ટન્ટ માટે એક ખાસ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવનાર છે. સ્ટાફ માટે એક સ્ટડી ટુર છે. આ સ્ટડી ટુરમાં તેઓને ઇન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. હેઠળ બેઝિક માહિતી, રિટર્ન ભરવામાં થતી ભૂલો નિવારવા માર્ગદર્શન આપવામાં આવશે. આ સ્ટડી ટુરમાં પોતાના સ્ટાફને મોકલવાની ઈચ્છા ધરાવતા CA, એડવોકેટ કે ટેક્સ કન્સલ્ટન્ટ મિત્રોને ૯૯૨૪૧૨૧૭૦૦માં પોતાનો મેસેજ મોકલવા વિનંતી. સ્ટાફ ટુરના આયોજનની વિગતો તેઓને વોટ્સ એપ દ્વારા આપવામાં આવશે.

◆ ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઇ રીતે જવાબદાર રહેતા નથી.

# નોટબંધીને મળી સુપ્રિમ કોર્ટની મહોર...

## ૩૮૨ પાનાંના ઐતિહાસિક ચુકાદામાં ૪ સામે ૧ જજના ચુકાદામાં મોદી સરકારના નોટબંધીના નિર્ણયને ગણાવ્યો યોગ્ય


By Bhavya Popat, Advocate

**તા. ૧૦.૦૧.૨૦૨૩**

ગત સોમવારે તારીખ ૦૨ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ સુપ્રીમ કોર્ટમાં નોટબંધી સામે ચાલી રહેલા કેસો બાબતે મહત્વનો ઐતિહાસિક ચુકાદો આપવામાં આવ્યો છે. આ ચુકાદામાં ૫ પૈકી ૪ જજો દ્વારા સરકાર તથા નોટબંધીની તરફેણમાં ચુકાદો આપવામાં આવ્યો છે જ્યારે એક જજ દ્વારા નોટબંધી વિરુદ્ધ ચુકાદો આપવામાં આવ્યો છે. આમ, બહુમતી જજોનો ચુકાદો ધ્યાને રહેતો હોવાથી નોટબંધીને સુપ્રીમ કોર્ટની મહોર લાગી ગઈ હોવાનું માની શકાય છે.

**નોટબાંધી લાગુ કરવામાં આવતા વિવિધ હાઈકોર્ટમાં દાખલ થઈ હતી ઘણી રિટ પિટિશનઃ**

૨૦૧૬ માં જ્યારે નોટબંધી લાગુ કરવામાં આવી હતી ત્યારે વિવિધ હાઈકોર્ટમાં અનેક રિટ પિટિશન ફાઈલ કરવામાં આવી હતી. મોટા પ્રમાણમા ફાઇલ થયેલ પિટિશન બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા સજ્ઞાન લઈ નોટબંધીને લગતા તમામ કેસો ઉપર સુનાવણીને ૧૬ ડિસેમ્બરના રોજ સ્ટે આપવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટમાં નોટબંધીનો કેસ નિર્ણયાધીન હોય કોઈ પણ હાઈકોર્ટમાં આ નોટબંધી બાબતે કેસ ના ચલાવવા ફરમાન આપવામાં આવ્યું હતું.

**નામી વકીલો રહ્યા આ કેસમાં ઉપસ્થિત**

સુપ્રીમ કોર્ટની આ બંધારણીય ખંડપીઠ પાસે ૨૨ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ આ કેસ મૂકવામાં આવ્યો હતો. ત્યારબાદ આ કેસની હેઠળ અનેક વાર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં સિનિયર વકીલ અને ભુતપૂર્વ નાણાંમંત્રી શ્રી પી. ચિદમ્બરમ દ્વારા નોટબંધી વિરુદ્ધ દલીલો કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય સિનિયર વકીલ શ્યામ દીવાન તથા પ્રશાંત ભુષણ જેવા જાણીતા વકીલો દ્વારા નોટબંધી વિરુદ્ધ દલીલો કરવામાં આવી હતી. સરકાર તરફથી નોટબંધીના નિર્ણયનો બચાવ કરવા આર. વેંકટારામાણી તથા RBIના એડવોકેટ તરીકે સિનિયર વકીલશ્રી જયદીપ ગુપ્તા ઉપસ્થિત થયા હતા.

**નોટબંધીના નિર્ણયની પ્રમાણસરતા હતી આ કેસના કેન્દ્રમાં**

નોટબંધી દ્વારા નાગરિકોના મૂળભૂત હક્કો ઉપર તરાપ મરવામાં આવી હોવાની દલીલ સરકાર સામેના પક્ષો દ્વારા કરવામાં આવી હતી. સરકારની મુખ્ય દલીલ હતી કે નાગરિકોના મૂળભૂત હક્કો ઉપર યોગ્ય રોક લગાવવાની સત્તા સરકાર પાસે રહેલી છે અને લોકોના હિતમાં સરકાર દ્વારા આવા નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. આ મુખ્ય મુદ્દા ઉપર આ કેસનો નિર્ણય સુપ્રીમ કોર્ટ દ્વારા કરવાનો હતો. કાયદાની ભાષામાં આ નિર્ણયને ટેસ્ટ ઓફ પ્રપોરશનાલીટી કહેવામા આવે છે. સરકારના નિર્ણયની પ્રમાણસરતા બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા નિર્ણય કરવાનો રહેતો હતો.




**કેવી રીતે નોટબંધી થઈ સુપ્રીમ કોર્ટની પરીક્ષામાં પાસ?**

નોટબંધીનો નિર્ણય યોગ્ય હતો કે નહીં તે બાબતે કોર્ટ દ્વારા ચાર મહત્વના પરિબળો ધ્યાને લીધા હતા.

સૌ પ્રથમ પરિબળ કોર્ટ દ્વારા એ ધ્યાને લેવામાં આવ્યું હતું કે શું નોટબંધી કરવા પાછળ સરકારનો ઈરાદો યોગ્ય હતો. કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું છે કે નોટબંધી દ્વારા કાળાનાણાંનું પ્રમાણ રોકવા, આ નાણાં દ્વારા આતંકવાદી પ્રવૃતિ ઉપર અંકુશ લગાવવા તથા બજારમાં પ્રવર્તમાન નકલી ચલણ કાબૂમાં લેવાનો સરકારનો ઈરાદો હતો. આ તમામ હેતુને નાગરિકોના બહોળા હિતમાં જરૂરી માનવમાં આવ્યા હતા અને કોર્ટ દ્વારા આ પરિબળ ઉપર સરકારને પાસ કરવામાં આવી હતી.

બીજું મહત્વનુ પરિબળ એ ધ્યાને લેવામાં આવ્યું હતું કે સરકાર દ્વારા પોતાના હેતુ પૂર્ણ કરવા જે પગલું ભરવામાં આવ્યું તે હેતુ અને પગલાં વચ્ચે કેવું જોડાણ રહેલું છે. માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા આ પરિબળ બાબતે પણ સરકારના આ નોટબંધીના નિર્ણયને યોગ્ય ગણવામાં આવ્યો હતો.

ત્રીજું, સુપ્રીમ કોર્ટ દ્વારા નોંધવામાં આવ્યું હતું કે આ પ્રકારના હેતુઓ બર લાવવા અન્ય કોઈ વિકલ્પ સરકાર પાસે રહેલો નથી. આ કારણે પણ નોટબંધીના પગલાંને સુપ્રીમ કોર્ટ દ્વારા યોગ્ય માનવમાં આવ્યું હતું.

ચોથું પણ કાયદાકીય રીતે મહત્વનુ તારણ આપતા સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા, ૧૯૩૫ ના કાયદાની કલમ ૨૬(૨) ની જોગવાઈ મુજબ સરકાર પાસે એક સાથે ગમે તેટલી સીરિઝની નોટોને ચલણમાંથી દૂર કરવા અધિકાર છે. સુપ્રીમ કોર્ટ દ્વારા ઠરાવવામાં આવ્યું હતું કે આ જોગવાઈનો એવો સંકુચિત અર્થ ના કરી શકાય કે સરકાર માત્ર અમુક સીરિઝની નોટો નેજ ચલણ માંથી હટાવી શકે. આમ, સરકાર વિરુદ્ધની આ મહત્વની જોગવાઈ અંગે સુપ્રીમ કોર્ટમાં સરકારના નિર્ણયને બહાલ રાખવામા આવ્યો હતો.

**સુપ્રીમ કોર્ટની બેન્ચમાંના એક માત્ર જજનો વિરુદ્ધ અભિપ્રાય**


સુપ્રીમ કોર્ટની બંધારણીય બેન્ચની એક માત્ર મહિલા જજ દ્વારા પોતાના ૪ સાથીઓ કરતાં વિરુદ્ધ ચુકાદો આપવામાં આવ્યો હતો. તેઓ દ્વારા પોતાના સાથીઓના ચુકાદાથી વિરુદ્ધ ચુકાદો આપતા જણાવ્યુ હતું કે સરકાર દ્વારા આ પ્રકારનું મોટું પગલું ભરવાના માત્ર યોગ્ય કારણ હોવું જ જરૂરી નથી, તે સફળ થાય છે કે નહીં તે પણ અલગ બાબત છે પરંતુ યોગ્ય હેતુને પરિપૂર્ણ કરવા જે પગલાં ભરવામાં આવ્યા તે કાયદાકીય રીતે યોગ્ય ગણી શકાય નહીં. તેઓ દ્વારા પોતાના ચુકાદામાં જણાવવામાં આવ્યું હતું કે RBI ગવર્નર દ્વારા, જ્યારે તેઓને આ બાબત ઉપર સલાહ લેવામાં આવી ત્યારે આ બાબત ઉપર પોતાનું મગજ વાપરવામાં આવ્યું ના હતું.

**શું થાત જો નોટબંધીને અયોગ્ય ગણાવવામાં આવી હોત???**

સુપ્રીમ કોર્ટ દ્વારા જ્યારે નોટબંધીને યોગ્ય ગણાવવામાં આવી હોય ત્યારે આ પ્રશ્ન પણ સ્વાભાવિક રીતે વાંચકોના મનમાં ઉદ્દભવે. શું નોટબંધીને સુપ્રીમ કોર્ટ દ્વારા અયોગ્ય ગણવામાં આવી હોત તો શું પરિસ્થિતીનું સર્જન થાય??? મિત્રો, આ એક એવો પ્રશ્ન છે જેનો જવાબ દેવો ખૂબ મુશ્કેલ છે. કદાચ સુપ્રીમ કોર્ટ દ્વારા પણ નોટબંધીની તરફેણમાં નિર્ણય આપતા સમયે આ બાબત પણ ધ્યાને લીધી હોય શકે છે. મારા અંગત મત પ્રમાણે જો નોટબંધીનો નિર્ણય અયોગ્ય ઠરાવવામાં આવે તો સરકાર આ નિર્ણય સામે સ્ટે લઈ સુપ્રીમ કોર્ટમાં જ રિવ્યુ પિટિશન ફાઇલ કરી શકી હોત. જો નોટબંધી અયોગ્ય બની જાય તો હજુ જેઓની પાસે જૂની ચલણી નોટો પડી હોય તેઓ કદાચ બેન્કમાં આ રકમ નાખી શક્યા હોત. નોટબંધીના કારણે ઈન્કમ ટેક્સ સહિત અન્ય કાયદાઓ હેઠળ વિવિધ કરદાતાઓ પર જે કેસો ચાલુ છે એ તમામનો છુટકારો થઈ શકે તેવું માનવમાં આવે છે. પરંતુ જો અને તો વિષે હવે વિચારવાનો સમય રહ્યો નથી. હાલ તો સુપ્રીમ કોર્ટ દ્વારા નોટબંધીના સરકારના નિર્ણયને મહોર મારી આપી છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબમાં તારીખ ૦૮ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# જેની પાસેથી માલની ખરીદી કરી છે તે વ્યક્તિએ GST ટેક્ષ ન ભર્યો હોય ત્યારે ઈનપુટ ટેક્ષ રિવર્સ કરવાના નવા નિયમની સરળ સમજુતી




**તારીખઃ ૧૦/૦૧/૨૦૨૩**

**પ્રસ્તાવના**

GSTમાં નોધાયેલ કરદાતા GSTR-3B દ્વારા ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરે છે અને ટેક્ષ ભરે છે. GSTમાં નોંધાયેલા કરદાતા GSTR-3Bમાં એવા બીલ ની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરી શકે છે કે જે બીલ જેની પાસેથી માલ ની ખરીદી કરી છે તે વ્યક્તિ એ GSTR-1 અથવા IFF મારફતે GST પોર્ટલ પર અપલોડ કર્યા હોય. ઘણી વખત એવું બનતું હોય છે કે GSTમાં નોંધાયેલ વ્યક્તિ જેની પાસેથી માલની ખરીદી કરી છે તે વ્યક્તિ એ GSTR-1 અથવા IFF ફાઈલ કરે છે પરંતુ GSTR-3B ફાઈલ નથી કરતા તેથી ગવર્મેન્ટને ટેક્ષ નથી મળતો અને જે વ્યક્તિ એ માલની ખરીદી કરી છે તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરી લે છે. આવા સંજોગોમાં ગવર્મેન્ટને રેવન્યુ લોસનો થાય તે માટે GSTમાં RULE-37A ઉમેરવામાં આવ્યો છે. જે SECTION-16 (2) (C)ને અનુસરવા માટે છે. આ આર્ટીકલમાં આપણે RULE-37Aની સરળ ભાષામાં સમજુતી આપવામાં આવી છે.


By Prashant Makwana

**RULE-37A**

૧. GSTમાં નોંધાયેલ વ્યક્તિ GSTR-3B માં જેની પાસેથી માલની ખરીદી કરે છે તે વ્યક્તિ GSTR-1 અથવા IFF દ્વારા જે ઇન્વોઇસ અપલોડ કર્યા હોય તેની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરે છે. જે નાણાકીય વર્ષનું બીલ હોય તે નાણાકીય વર્ષ પૂરું થાય ત્યાર પછીના ૩૦ સપ્ટેમ્બર સુધીમા જે વ્યક્તિ પાસેથી માલની ખરીદી કરી છે તે વ્યક્તિ GSTR-3B ફાઈલનો કરે તો GSTમાં નોંધાયેલ વ્યક્તિ એ તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ ૩૦ નવેમ્બર સુધીમા જે GSTR-3B ફાઈલ થાય તેમાં રીવર્સ કરવાની રહેશે.

**ઉદાહરણ :**

- ABC LTD એ તારીખ ૦૫/૦૧/૨૦૨૩ ના રોજ ૧૦૦૦૦/- રૂપિયાના માલની ૧૮% ના GSTના દરે XYZ LTD. પાસેથી ખરીદી કરેલ છે.
- તેથી XYZ LTD. તેના જાન્યુઆરી-૨૦૨૩ના GSTR-1 અથવા IFFમાં તે બીલ અપલોડ કરશે.
- ABC LTD. જાન્યુઆરી-૨૦૨૩ના મહિનામા GSTR-3Bમાં તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ ક્લેમ કરશે.
- XYZ LTD. જો ૩૦-સપ્ટેમ્બર-૨૦૨૩ સુધીમાં જો જાન્યુઆરી-૨૦૨૩ના મહિનાનું GSTR-3B ફાઈલ નો કરે તો ABC LTD ૩૦-નવેમ્બર-૨૦૨૩ સુધીમાં જે GSTR-3B ફાઈલ કરવામાં આવે તેમાં આ ઈનપુટ ટેક્ષ ક્રેડીટ રિવર્સ કરવી પડશે.

૨. GSTમાં નોંધાયેલ વ્યક્તિ ૩૦ નવેમ્બર સુધીમાં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ રિવર્સ નો કરે તો ત્યાર પછી SECTION ૫૦ મુજબ વ્યાજ સાથે રિવર્સ કરવાની રહેશે.

- ઉપરના ઉદાહરણમાં જો XYZ LTD. ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધીમાં ITC રિવર્સ નો કરે તો ત્યાર પછી SECTION ૫૦ મુજબ વ્યાજ સાથે ITC રિવર્સ કરવાની રહેશે.


૩. GSTમાં નોંધાયેલ વ્યક્તિ એ જેની પાસેથી માલની ખરીદી કરે છે તે વ્યક્તિ ત્યાર પછી જયારે તે GSTR-3B ફાઈલ કરે ત્યારબાદ તે ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પાછી ક્લેમ કરી શકશે.

- ઉપરના ઉદાહરણમાં XYZ LTD. જાન્યુઆરી-૨૦૨૩ના મહિનાનું GSTR-3B ડીસેમ્બર-૨૦૨૩માં ફાઈલ કરે તો ABC LTD ડીસેમ્બર-૨૦૨૩ના GSTR-3Bમાં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ પાછી ક્લેમ કરી શકશે.

આ નિયમ મુજબ દરેક વેપારી એ ચેક કરતુ રહેવું પડશે કે જેની પાસેથી માલની ખરીદી કરી છે, તે વેપારીએ GSTR-3B ફાઈલ કર્યા છે કે નહિ, અને જો GSTR-3B ફાઈલ નો કર્યા હોય તો તેની ઈનપુટ ટેક્ષ ક્રેડીટ રીવર્સ કરવી પડશે. તેથી હવેથી દરેક વેપારી મિત્રો અને ટેક્ષ પ્રોફેશનલ નું કામ વધી જશે.

**(લેખક દ્વારા આપવામાં આવેલ અભિપ્રાય વિષય ઉપર તેઓનો અંગત અભિપ્રાય છે.)**

# જી.એસ.ટી. પોર્ટલ ઉપર બહાર પાડવામાં આવી મહત્વની એડવાઈઝરી





By Bhavya Popat, Advocate

તા. ૨૩.૦૧.૨૦૨૩. જી.એસ.ટી. પોર્ટલ ઉપર કરદાતાઓની સગવડતા માટે નવી સગવડ આપવામાં આવેલ છે. રિટર્ન ના ભરવાના કારણે સિસ્ટમ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવેલ જી.એસ.ટી. નંબર બાબતે આ સગવડ આપવામાં આવી છે. આ રીતે સસ્પેન્ડ થયેલ જી.એસ.ટી. નંબર, કરદાતા દ્વારા રિટર્ન ભરવામાં આવતા કરદાતાને ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગનો વિકલ્પ આપવામાં આવ્યો છે. આ સગવડ બાબતે જી.એસ.ટી. પોર્ટલ ઉપર એક મહત્વની એડવાઈઝરી-માર્ગદર્શિકા તારીખ ૧૬ જાન્યુઆરી ૨૦૨૩ ના રોજ બહાર પાડવામાં આવી છે.

આ માર્ગદર્શિકા મુજબ જી.એસ.ટી. હેઠળ માસિક રિટર્ન ભરવા જવાબદાર કરદાતાના ૬ રિટર્ન બાકી હોય, અને ત્રિમાસિક રિટર્ન ભરતા કરદાતાઓના ૨ ત્રિમાસિક રિટર્ન બાકી હોય ત્યારે જી.એસ.ટી. નંબર સિસ્ટમ દ્વારા સસ્પેન્ડ કરી નાંખવામાં આવતો હોય છે. કરદાતા જ્યારે આ બાકી રિટર્ન ભરી આપે ત્યારે, સિસ્ટમ દ્વારા સ્વયંભૂ આ સસ્પેન્ડ થયેલ જી.એસ.ટી. નંબર ચાલુ કરી આપવામાં આવતો હોય છે. પરંતુ જ્યારે કોઈ સંજોગોમાં પોર્ટલ ઉપર જી.એસ.ટી. રજીસ્ટ્રેશન સ્વયંભૂ શરૂ કરી આપવામાં ના આવે ત્યારે કરદાતા ઈનીશીએટ ડ્રોપ પ્રોસીડિંગ્સ નો વિકલ્પ દ્વારા જી.એસ.ટી. સસ્પેન્શન દૂર કરાવવા ઓનલાઈન અરજી કરી શકે છે. આ અરજી ઓનલાઈન કરવા માટે કરદાતાએ જી.એસ.ટી. પોર્ટલમાં લૉગિન કરી, સર્વિસ વિકલ્પમાંથી,યુઝર સર્વિસ વિકલ્પમાં જઈ, વ્યૂ નોટિસ એન્ડ ઓર્ડર્સમાં જઈ ત્યાં રહેલા ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગસ નામનો વિકલ્પ લેવાનો રહે છે. જી.એસ.ટી. પોર્ટલ ઉપરની આ એડવાઈઝરીમાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે આ નવી સાગવડનો લાભ ૦૧ ડિસેમ્બર ૨૦૨૨ અને ત્યારબાદ આપવામાં આવેલ નોટિસો માટે જ કરદાતાને મળશે.

**ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગસ નો વિકલ્પ પોર્ટલ પર ના દર્શાવતો હોવાની ઉઠી રહી છે ફરિયાદો!!**

ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગસની આ નવી સગવડ શરૂ થતાં કરદાતાઓ કે જેઓના જી.એસ.ટી. રજીસ્ટ્રેશન રિટર્ન ના ભરવાના કારણે સસ્પેન્ડ થયા હોય અને તેઓ દ્વારા આ રિટર્ન ભરી આપવામાં આવે ત્યારે આ સગવડ ખૂબ ઉપયોગી બનશે તેવું માનવમાં આવી રહ્યું છે. પરંતુ ઘણા કરદાતાઓ પોતાના જી.એસ.ટી. લૉગિનમાં આ સગવડ ના હોવાની ફરિયાદો ઉઠાવી રહ્યા છે. આ બાબતે ખાસ જાણવું જરૂરી છે કે, આ ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગસ ની સગવડ એ માત્ર ૦૧ ડિસેમ્બર ૨૦૨૨ પછી જે કરદાતાઓનો નોંધણી દાખલો સસ્પેન્ડ થયેલ છે તેઓ માટે જ ઉપલબ્ધ છે. આ પહેલા સસ્પેન્ડ થયેલ નોંધણી નંબર સંદર્ભે આ નવી સગવડ મળશે નહીં. આ ઉપરાંત એ બાબત પણ જાણવી જરૂરી છે કે, જે કરદાતાનો નોંધણી દાખલો રદ્દ (કેન્સલ) કરી આપવામાં આવ્યો હોય તેવા કરદાતાને પણ આ સગવડ મળશે નહીં. માત્ર, કરદાતાનો નોંધણી દાખલો સસ્પેન્ડ થયેલ હોય અને આ દરમ્યાન તેઓ પોતાના જી.એસ.ટી. રિટર્ન ભરી આપે તો જ આ નવી સગવડ તેઓના માટે ઉપયોગી બનશે. આ ઉપરાંત એ જાણવું પણ જરૂરી છે કે માત્ર નિયત સમયના જી.એસ.ટી. રિટર્ન ના ભરવાના કારણે જે નોંધણી દાખલા સસ્પેન્ડ થયેલ હોય તેઓને જ આ નવી ઈનીશીએટ ડ્રોપ પ્રોસિડિંગસની સગવડનો લાભ મળશે. આમ, આ સિવાયના કારણોસર નોંધણી દાખલો સસ્પેન્ડ થયેલ હોય તો આ સગવડનો લાભ મળી શકેશે નહીં.

**મોટા પ્રમાણમા આપવામાં આવી રહી છે જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરવા અંગેની નોટિસોઃ**

જી.એસ.ટી. હેઠળ નિયત સમયના રિટર્ન ના ભરવામાં આવે, ધંધો ચાલુ ના હોય તેવા સંજોગોમાં અધિકારીને નોટિસ આપવાની સત્તા આપવામાં આવેલ છે. પરંતુ હવે આ નોટિસો અધિકારી દ્વારા આપવામાં આવવાને બદલે સિસ્ટમ દ્વારા સ્વયંભૂ (ઓટો જનરેટેડ)આપવામાં આવી રહી છે. જે કરદાતાઓનું ટર્નઓવર NIL છે તેવા કરદાતાઓને આ નોટિસ ખાસ આપવામાં આવી રહી છે. ઘણા કરદાતાના એક યા બીજા કારણોસર અમુક સમય માટે જી.એસ.ટી. હેઠળ કોઈ ટર્નઓવર હોતું નથી. આ કારણે હવે તેઓનો નંબર રદ્દ કરી આપવામાં આવશે તેવી ભીતિ સેવાઇ રહી છે. આ પ્રકારે સુઓ મોટો અધિકારી દ્વારા રદ્દ થતાં જી.એસ.ટી. નંબરના કારણે ભવિષ્યમાં આ જ PAN ઉપર નવો જી.એસ.ટી. નંબર લેવા માટે અરજી કરવામાં આવે ત્યારે પ્રશ્નો ઊભા થઈ શકે છે. આ માટે, અંગત રીતે હું એવું માનું છું કે જો નજીકના ભવિષ્યમાં પોતાના જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ઉપર ટર્નઓવર થવાની શક્યતા ના હોય ત્યારે ''સુઓ મોટો'' જી.એસ.ટી. નંબર રદ્દ કરવાની નોટિસ સામે જવાબ આપી, કરદાતા પોતે જી.એસ.ટી. નોંધણી રદ્દ માટે અરજી કરી આપે તે વધુ હિતાવહ સાબિત થઈ શકે છે.

**જી.એસ.ટી. નોંધણી દાખલો અધિકારી દ્વારા રદ્દ કરી આપવામાં આવે તો કરદાતા પાસે છે આ વિકલ્પોઃ**

જી.એસ.ટી. હેઠળ કરદાતાએ રિટર્ન ના ભર્યા હોવાના કારણે, NIL ટર્નઓવરના કારણે કે આવા કોઈ પણ કારણસર જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરી આપવામાં આવે તેવા સંજોગોમાં કરદાતા પાસે બે વિકલ્પ રહેલા છે. એક તો જો તેઓના ટૂંક સમયમાં ધંધો ચાલુ થવાના કે કરવાની શક્યતા ના હોય તો આ જી.એસ.ટી. રદ્દનો આદેશ સ્વીકારી છેલ્લે ભરવાનું થતું GSTR 10 હેઠળનું Final Return ભરી આપે. જી.એસ.ટી. નોંધણી રદ્દ સમયે સ્ટોકમાં હોય તેવા માલની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઘટાડી અથવા તો આઉટપુટ ટેક્સ ભરી પોતાની જવાબદારી પૂર્ણ કરી શકે છે. પરંતુ જો કરદાતા પોતાનો જી.એસ.ટી. નોંધણી દાખલો ચાલુ રાખવા માંગતા હોય તો અધિકારી દ્વારા કરવામાં આવેલ જી.એસ.ટી. રદ્દના આદેશ સામે ''રિવોકેશન'' અરજી ફાઇલ કરી શકે છે.

કરદાતાના જી.એસ.ટી. નોંધણી દાખલો રદ્દ કરવાની પ્રક્રિયા કરદાતાના ધંધો કરવાના મૂળભૂત અધિકારનું હનન ગણી શકાય. કાયદામાં આ અંગે સત્તા આપી હોવા છતાં અધિકારીઓ આ સત્તાનો ઉપયોગ વિવેકબુદ્ધિથી કરે તે જરૂરી છે. હવે જ્યારે આ પ્રકારની નોટિસો સિસ્ટમ જનરેટેડ આપવામાં આવી રહી છે ત્યારે આ રીતે સિસ્ટમ દ્વારા આપવામાં આવી રહેલી નોટિસોની કાયદેસરતા બાબતે પણ નિષ્ણાંતોમાં ચર્ચાનો દોર ચાલુ થઈ ગયો હવાના સમાચાર મળી રહ્યા છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૬.૦૧.૨૦૨૩ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**14th January 2023**

**જી.એસ.ટી./વેટ**

**અમારા અસીલ ટ્રાન્સપોર્ટેશનનો ધંધો કરે છે. તેઓની પાસે કોઈ ટ્રક નથી. તેઓ પોતાના ટેક્સ ઈંવોઈસ ટ્રક ભાડેથી લેનાર ગ્રાહકને આપે છે. શું તેઓ બિન નોંધાયેલ વ્યક્તિ પાસેથી ટ્રક ભાડે લે તો તેઓની RCM ભરવાની જવાબદારી આવે? ટ્રક ભાડે આપનાર જી.એસ.ટી. હેઠળ રજિસ્ટર્ડ હોય તો RCMની જવાબદારી આવે? – દશરથભાઈ, મહાવીર કન્સલ્ટન્સી**

જવાબઃ ના, GTAને ભાડે આપવામાં આવતા ટ્રક ઉપર RCM ભરવાની જવાબદારી ના આવે તેવો અમારો મત છે.

---

**જી.એસ.ટી. હેઠળ બે પ્રકારની ક્રેડિટ નોટ આપવામાં આવતી હોય છે. એક એવી ક્રેડિટ નોટકે જમા જી.એસ.ટી. લાગુ કરવામાં આવ્યો હોય છે અને અમુક ક્રેડિટ નોટમાં જી.એસ.ટી. લગાડવામાં આવ્યો હોતો નથી. આ પ્રાઈસ રેઈટ ડીફરન્સ, ટ્રેડ ડિસકાઉન્ટ, રેઈટ સપોર્ટ ડિસકાઉન્ટ વગેર માટેની ક્રેડિટ નોટ હોય છે. શું આ પ્રકારે જે ક્રેડિટનોટ પર જી.એસ.ટી. ના લગાડવામાં આવેલ હોય તેવી ક્રેડિટ નોટ આવક ગણી જી.એસ.ટી. ની જવાબદારી ખરીદનારની આવી શકે? – જગદીશભાઈ વ્યાસ, એડવોકેટ, ડીસા**

જવાબઃ જી.એસ.ટી. કાયદાની કલમ ૩૪ હેઠળ ક્રેડિટ કે ડેબિટ નોટ બનાવવાની જવાબદારી વેચનાર (સપ્લાયર)ની આવે. ક્રેડિટ નોટમાં કે ડેબિટ નોટમાં જી.એસ.ટી.ને અસર ના કરતી ક્રેડિટ નોટ કે ડેબિટ નોટ વેચનાર (સપ્લાયર) દ્વારા આપવામાં આવે ત્યારે ખરીદી બાબતની ક્રેડિટ નોટ ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે નહીં તેવો અમારો મત છે. આ અંગે જી.એસ.ટી. ડિપાર્ટમેંટ (CBIC)નો સર્ક્યુલર પણ ઉપલબ્ધ છે.

---

**અમારા અસીલનો જી.એસ.ટી. નંબર સુઓ મોટો રદ્દ થઈ ગયો છે. શું આ સુઓ મોટો કેન્સલ થયેલ નંબર માટે પણ GSTR 10 ભરવું જરૂરી બને?**

જવાબઃ હા, સુઓ મોટ્ટો કેન્સલ થયેલ જી.એસ.ટી. નંબર ઉપર પણ GSTR 10 ભરવાની જવાબદારી આવે.

---

**શું કન્સ્ટ્રકશન બિઝનેસમાં સિમેન્ટ ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે?**

જવાબઃ કન્સ્ટ્રક્શન બિઝનેસ જો રેસિડનશિયલ હોય તો કન્સ્ટ્રક્શન બિઝનેસમાં ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે નહીં કમર્શિયલ હોય તો ઈન્પુટ ટેક્સ ક્રેડિટ મળી શકે. જો કે આ વિષય એવો છે જેવા વિગતવાર દરેક કેસની વિગતો જાણી-વાંચન કરી નિર્ણય લેવામાં આવે તે હિતાવહ છે.

---

**અમારા એક અસીલના નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ ના વર્ષમાં કોઈ અન્ય કરદાતાનું GSTR 1 ફાઈલ થઈ ગયું છે. આ કારણે GSTR 3B તથા GSTR 1માં ડિફરન્સ આવે છે. હવે જ્યારે જી.એસ.ટી. નંબર રદ્દ કરાવવો છે ત્યારે અધિકારી આ તફાવતની રકમ ઉપર ટેક્સ ભરવા જણાવે છે. શું ૨૦૧૭ ૧૮ ના વર્ષ માટે આ સુધારો કરવાનો કોઈ વિકલ્પ રહે? – વિજય પ્રજાપતિ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, હાલ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે હાલ કોઈ સુધારાનો વિકલ્પ રહેતો નથી. હા, ૨૦૧૭-૧૮ના વર્ષ માટે GSTR-9 ભરી આ સાથે અધિકારીને જવાબ આપવાનો એક વિકલ્પ રહેલ છે. GSTR 1માં B2C વેચાણ હોય તો તકલીફ ઓછી પડી શકે છે. આ સિવાય માત્ર રિટ પિટિશન દ્વારા GSTR 1 ફરી ભરવા વિકલ્પ બાબતે દાદ માંગવાનો વિકલ્પ રહેલો છે.

> **ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
> CA મોનીષ શાહ, અમદાવાદ
> એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
> CA દિવ્યેશ સોઢા, પોરબંદર
> એડવોકેટ ભવ્ય પોપટ

**07th January 2023**

**જી.એસ.ટી./વેટ**

**અમારા અસીલની ફક્ત દુકાન ભાડાની આવક છે. શું તેઓ સર્વિસ કંપોઝીશન હેઠળ ૬% વેરો ભરવાનો વિકલ્પ લઈ શકે છે? – ગૌરવ પટેલ, એડવોકેટ, ખેડા**

જવાબઃ હા, આપના અસીલની ભાડાની વાર્ષિક આવક ૫૦ લાખથી ઓછી હોય તો તેઓ ૬% લેખે કંપોઝીશન ભરવાનો વિકલ્પ લઈ શકે છે.

---

**અમારા અસીલ ગોળ (HSN 1701)નો હોલસેલ વેપાર કરે છે. તેઓના પેકિંગ ૨૬ કિલોના હોય છે. ગોળ પર સામાન્ય રીતે ૫% જી.એસ.ટી. લાગુ પડે છે. પણ જો ગોળ ૨૬ કિલોના પેકિંગમાં વેચવામાં આવતો હોય તો જી.એસ.ટી. લાગુ પડે? – નિમેષ પરિખ, જુનાગઢ**

જવાબઃ ગોળને જો પેકિંગ અને લેબલિંગ કર્યા વગર ૨૬ કિલોના પેકિંગમાં વેચાણ કરવામાં આવે તો તેના ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

---

**અમારા અસીલ કંદોઈ છે. તેઓ ફરસાણનું ઉત્પાદન તથા વેચાણ કરે છે. તેઓ આ ફરસાણને ખુલ્લુ અને પેકિંગ એમ બન્નેમાં વેચાણ કરે છે. પેકિંગમાં તથા ખુલ્લુ વેચવામાં આવે ત્યારે જી.એસ.ટી. નો ક્યો દર લાગુ પડે તે જણાવવા વિનંતી. – જિગ્નેશ દેત્રોજા, ધોરાજી**

જવાબઃ ફરસાણના વેચાણ જો ટ્રેડમાર્ક ધરાવતા હોય તો ૧૨% જી.એસ.ટી. લાગુ પડે અને જો રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક ના હોય તો ૫% જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

---

**31 December 2022**

**જી.એસ.ટી./વેટ**

**અમારા અસીલ CSC (કંસયુમર સર્વિસ સેન્ટર) ધરાવે છે. તેઓ આ સેન્ટરના નામથી બેન્કમાં કરંટ એકાઉન્ટ ધરાવે છે. તેઓના એકાઉન્ટમાં ઓનલાઈન રકમ જમા થાય છે. આ રકમ રોકડ ઉપાડી તેઓ ગ્રાહકને રોકડમાં પૈસા આપે છે. આ ચુકવણી સમયે તેઓ ખરીદનારના આધાર કાર્ડ લે છે. આ વ્યવહાર કરવા બદલ તેઓને CSC પાસેથી કમિશન મળે છે તથા અમારા અસીલ ગ્રાહક પાસેથી પણ નજીવું કમિશન લે છે. શું આ પ્રકારના વ્યવહાર ઉપર જી.એસ.ટી. લાગુ પડે, જો પડે તો ક્યાં દરે જી.એસ.ટી. ભરવો પડે? – શફી દોકડિયા**

જવાબઃ હા, CSC તરફથી મળતા કમિશન તથા અસીલ પાસેથી લેવામાં આવતા કમિશનના વ્યવહારો ઉપર જી.એસ.ટી. ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે. કમિશન ઉપર ૧૮% ના દરે જી.એસ.ટી. લાગુ પડે તેવો અમારો મત છે.

---

**અમારા એક વેપારીના GSTR 3Bમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ટેકસેબલ રકમ દર્શાવેલ હતી. આ રકમ GSTR 1 માં દર્શાવવાની રહી ગઈ હતી. આ રકમ GSTR 1 માં નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨માં દર્શાવેલ છે. આ રકમ GSTR 9 તથા 9C માં ક્યાં દર્શાવવામાં આવે તે જણાવવા વિનંતી. – પરીખ, ટેક્સ કન્સલ્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ GSTR 9 ના ટેબલ ૯ના કોલમ ૪માં આ રકમ દર્શાવવાની રહે. ટેક્સની કોઈ જવાબદારી આવે નહીં કારણકે GSTR 3Bમાં આ ટેક્સની જવાબદારી પૂરી કરવામાં આવેલ છે.

---

**અમારા અસીલ દૂધ અને છાશને સફેદ રંગની બેગમાં પેક કરી છૂટક ૧ લિટર અને અળધો લિટરના જથ્થામાં વેચાણ કરીએ છીએ. આ બેગ ઉપર કોઈ લખાણ હોતું નથી. શું આ પ્રકારના વેચાણ ઉપર જી.એસ.ટી. લાગુ પડે?**

**– બી. બી. કાછડિયા, એડવોકેટ, ધોરાજી**

જવાબઃ દૂધ તથા છાસને ૧૮ જુલાઈ ૨૦૨૨થી લાગુ કરવામાં આવેલ પ્રિ પેકેજડપ્રિ લેબલ્ડનો કોન્સેપ્ટ લાગુ પડે નહીં અને દૂધ અને છાસ કરમુક્ત જ રહે તેવો અમારો મત છે.

---

**ઈન્કમ ટેક્સ**

**અમારા અસીલ CSC (કંસયુમર સર્વિસ સેન્ટર) ધરાવે છે. તેઓ આ સેન્ટરના નામથી બેન્કમાં કરંટ એકાઉન્ટ ધરાવે છે. તેઓના એકાઉન્ટમાં ઓનલાઈન રકમ જમા થાય છે. આ રકમ રોકડ ઉપાડી તેઓ ગ્રાહકને રોકડમાં પૈસા આપે છે. આ ચુકવણી સમયે તેઓ ખરીદનારના આધાર કાર્ડ લે છે. આ વ્યવહાર કરવા બદલ તેઓને CSC પાસેથી કમિશન મળે છે તથા અમારા અસીલ ગ્રાહક પાસેથી પણ નજીવું કમિશન લે છે. આ વ્યવહાર રોકડમાં કરવામાં આવે તો કોઈ બાધ લાગુ પડે? – શફી દોકડિયા**

જવાબઃ આ વ્યવહાર ૧૯૯૯૯૯/- સુધી કરવામાં આવેલ હોય તો કોઈ બાધ લાગુ પડે નહીં તેવો અમારો મત છે.

---

**-: ખાસ નોંધ :-**

૧. મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી.ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં.

૨. જી.એસ.ટી. અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ. કારણકે જી.એસ.ટી. હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે. વેરા ના દર અંગેના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે. આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો.

૩. અમારા એક્સપર્ટ 'ટેક્સ ટુડે'ને આ સેવા વાચકોના લાભાર્થે આપે છે. તમામ વાચકોને વિનંતી કે પોતાના પ્રશ્નો 'ટેક્સ ટુડે'ને નીચે આપેલ ઈ-મેઈલ પર મોકલે. કોઈ પણ સંજોગોમાં વાચકોને વિનંતી કે, એક્સપર્ટસનો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઈ-મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્ક્લેમરઃ** આ કોલમ 'ટેક્સ ટુડે'ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદાના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકોના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# જી.એસ.ટી. હેઠળ થયા છે આ મહત્વના બદલાવો જે જાણવા છે તમારા માટે ખૂબ જરૂરી



By Bhavya Popat, Advocate

**તા. ૦૩.૦૧.૨૦૨૨**

જી.એસ.ટી. કાઉન્સીલની ૪૮મી બેઠક તારીખ ૧૭.૧૨.૨૦૨૨ના રોજ મળી હતી. આ બેઠકમાં કાઉન્સીલ દ્વારા જી.એસ.ટી. હેઠળ મહત્વના સુધારા કરવા સૂચનો કરવામાં આવ્યા હતા. આ સૂચનોનો અમલ કરનારા જાહેરનામા તથા પરિપત્રો હવે ૨૬ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ બહાર પાડવામાં આવ્યા છે. આ જાહેરનામા તથા પરીપત્રો દ્વારા નીચેના મહત્વના ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે.

**નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ ના વર્ષમાં GSTR 2Aમાં GSTR 3B વચ્ચે તફાવત આવતો હોય તેવા સંજોગોમાં બહાર પાડવામાં આવી ખાતાકીય સ્પષ્ટતાઃ**

જી.એસ.ટી. કાયદા હેઠળ વેચનાર દ્વારા ભરવામાં આવતા GSTR 1 ફોર્મમાં પોતાના વેચાણની વિગતો દર્શાવવામાં આવે છે. GSTR 1માં દર્શાવવામાં આવેલ B2B વેચાણ (જી.એસ.ટી. નોંધણી ધરાવનાર કરદાતાને કરવામાં આવેલ વેચાણ) ઉપરથી ખરીદનારના જી.એસ.ટી. લોગિનમાં GSTR 2A ઓટો પોપ્યુલેટ થતું હોય છે. પ્રવર્તમાન નિયમો પ્રમાણે કરદાતાને માત્ર GSTR 2A/2Bમાં દર્શાવેલ હોય એટલી જ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાદ મળે. GSTR 2Aમાં ના હોય તેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ના મળે તે કારણે અનેક ડિમાન્ડ-વસૂલાત ઊભી થઈ હોવાની માહિતી મળી રહે છે. નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ માં મોટા પ્રમાણમા અનેક કરદાતાઓ ના કિસ્સામાં તફાવત રહેલા હતા. આ અંગે સરકારને વારંવાર રજૂઆતો કરવામાં આવેલ હતી. આ અંગે સરકાર દ્વારા સેંટરલ બોર્ડ ઓફ ઈંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ દ્વારા પરિપત્ર બહાર પાડી ખુલાસો કરવામાં આવ્યો છે. આ પરિપત્રના મુખ્ય મુદ્દા નીચે જણાવેલ છે.




- નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ તથા ૨૦૧૮-૧૯ના વર્ષ માટેના GSTR 2Aમાં દર્શાવતી ક્રેડિટ તથા GSTR 3B મે માંગવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટમાં તફાવત આવે તો સૌ પ્રથમ અધિકારી દ્વારા કરદાતા પાસેથી જે બિલો GSTR2Aમાં નથી દર્શાવી રહ્યા તેની વિગતો મંગાવવાની રહેશે.
- આ વિગતો માંગવી અધિકારી દ્વારા એ બાબતની ખરાઈ કરવાની રહેશે કે જી.એસ.ટી. કાયદાની કલમ ૧૬ હેઠળની શરતો જેવી કે કરદાતા પાસે બિલ હોવું ફરજિયાત છે, કરદાતા એ જે તે માલ કે સેવા મેળવી હોવી જરૂરી છે.
- કરદાતા દ્વારા જે તે માલની ખરીદી પેટે ચુકવણી કરી આપવામાં આવી છે તથા કરદાતા દ્વારા કોઈ રિવર્સલ કરવા પત્ર ક્રેડિટ લઈ નથી લીધી તે સુનિશ્ચિત કરવાનું રહેશે.
- આમ કર્યા બાદ, જો GSTR 3B તથા GSTR 2 A વચ્ચેનો ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો તફાવત ૫ લાખ કરતાં વધુ હોય તો કરદાતા દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે કોસ્ટ એકાઉન્ટન્ટનું આ બાબતેનું સર્ટિફિકેટ આપવાનું રહેશે તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે.
- જો બંને ફોર્મ વચ્ચે ઈન્પુટ ટેક્સ ક્રેડિટનો તફાવત ૫ લાખ સુધીનો હોય તો કરદાતાએ વેચનારનું નિયત કરવામાં આવેલ નમૂનામાં સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.
- જો કે આ સર્ક્યુલરમાં મહત્વની સ્પષ્ટતા કરવામાં આવેલ છે કે નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ના વર્ષ માટે સપ્ટેમ્બર ૨૦૧૮ પછી પરંતુ માર્ચ ૨૦૧૯ પહેલા ભરવામાં આવેલ 3B રિટર્ન બાબતે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ તો જ માન્ય રહેશે જો વેચનાર દ્વારા પોતાના GSTR 1માં આ વિગતોનો સમાવેશ કરવામાં આવેલ હોય.

**PAN સાથે લિન્ક કરેલ મોબાઈલ અને ઇ મેઈલ ઉપર જશે OTP**

જી.એસ.ટી. લાગુ થયો છે ત્યારથી બોગસ બિલિંગ દ્વારા જી.એસ.ટી. હેઠળ કરચોરી આચારવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આ જ કારણે સરકાર હવે જી.એસ.ટી. નોંધણી માટે (નવા નંબર મેળવવા) 'બાયોમેટ્રિક બેઝ' આધાર ઓથેનટીકેશન પદ્ધતિ લાગુ કરવામાં આવશે. આ પદ્ધતિનો અમલ સૌપ્રથમ ગુજરાતમાં થશે. આ ઉપરાંત હવે નવા નોંધણી નંબર મેળવવા માટે કરદાતાએ PANમાં આપેલ મોબાઈલ નંબર તથા ઇ મેઈલ ઉપર વેરિફિકેશન કરાવવું જરૂરી બનશે.

**GSTR 1 તથા GSTR 3Bમાં તફાવત આવતા કરદાતાને સિસ્ટમ દ્વારા આપવામાં આવશે નોટિસ**

કરદાતા દ્વારા ભરવામાં આવતા વેચાણ દર્શાવતા રિટર્ન GSTR 1 તથા કરદાતા જે મુખ્ય રિટર્ન GSTR 3B દ્વારા પોતાનો ટેક્સ ભરે છે તે બન્ને વચ્ચે તફાવત આવે તેવા સંજોગોમાં હવે જી.એસ.ટી. સિસ્ટમ દ્વારા કરદાતાને નોટિસ આપવામાં આવશે. કરદાતાને આ નોટિસ ઇ મેઈલ દ્વારા તથા પોર્ટલમાં DRC-01B ફોર્મમાં આપવામાં આવશે. કરદાતાને આ નોટિસ મળે ત્યારે તેઓ પાસે બે વિકલ્પ રહેશે. પ્રથમ જો આ તફાવતના કારણે કરદાતાએ ટેક્સ ભરવા પાત્ર હોય તો તેઓ દ્વારા ટેક્સની ચુકવણી કરી DRC 03 ભરવાનું રહેશ. જો આ તફાવત હોવા છતાં કરદાતાને આ રકમ ના ભરવા અંગે યોગ્ય ખુલાસો આપવાનો થતો હોય તો તે આ ખુલાસો આપી શકશે. ટેક્સની ચુકવણી કરવા કે યોગ્ય ખુલાસો આપવા કરદાતાને નોટિસ મળ્યાથી ૭ દિવસનો સમય આપવામાં આવશે. કરદાતા દ્વારા DRC 01B ના Part B માં જ આ ખુલાસો કે ટેક્સ પેમેન્ટ અંગેની વિગતો દર્શાવતો જવાબ રજૂ કરવાનો રહેશે. જો કરદાતા દ્વારા ૭ દિવસના સમયમાં જવાબ આપવામાં ના આવ્યો હોય અથવા તો કરદાતા દ્વારા આપવામાં આવેલ જવાબ અધિકારીને માન્ય કે યોગ્ય ના લાગ્યો હોય તો કરદાતા પાસેથી વસૂલાતની કામગીરી માટે કાર્યવાહી કરવામાં આવશે. GSTR 1 તથા GSTR 3Bના તફાવતના કારણે કરદાતાને આપવામાં આવેલ નોટિસ અંગેનો ટેક્સ ભરવામાં ના આવેલ હોય અથવાતો કરદાતા દ્વારા કોઈ જવાબ આપવામાં ના આવેલ હોય તેવા સંજોગોમાં નોટિસની મુદત પૂર્ણ થયા બાદ કરદાતા પોતાનું પછીનું GSTR 1 કે IFF ભરી શકશે નહીં તેવી કડક જોગવાઈ પણ અમલી બનાવવામાં આવી છે.

જી.એસ.ટી. કાઉન્સીલ દ્વારા કરવામાં આવેલ આ મહત્વના સુધારાઓ અંગે આગામી લેખમાં જાણકારી આપવા પ્રયાસ કરવામાં આવશે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૦૨ જાન્યુઆરીના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# કરદાતાઓ માટે મહત્વના ફેરફારો જે જાણવા છે જરૂરી

**તા.૧૮.૦૧.૨૦૨૩**

**By Bhavya Popat**

જી.એસ.ટી. તથા ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ મહત્વના ફેરફારો અંગે વાંચકોને આ લેખમાં વિગતો આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આ બન્ને કાયદા અંગે થયેલા ફેરફારો જાણવા તમામ કરદાતાઓ માટે જરૂરી છે.

૧. ઈન્કમ ટેક્સ હેઠળ મૂડી નફામાં મુક્તિ લેવા માટે કરવાના થતાં રોકાણની સમયમર્યાદા વધારવામાં આવીઃ

ઈન્કમ ટેક્સ હેઠળ લાંબા ગાળાના મૂડી-નફા સામે રોકાણ કરી કરદાતા ટેક્સ બચાવી શકે તેવી જોગવાઈઓ કરવામાં આવી છે. સામાન્ય રીતે લાંબાગાળા માટે કરદાતા દ્વારા ધારણ કરવામાં આવેલ મિલ્કત બાબતે કરદાતા વેચાણ કરવામાં આવેલ રહેણાંકી મકાન હોય તો નફાની રકમનું રોકાણ નવા રહેણાંકી ઘર લેવામાં કરી શકે છે. આ ઉપરાંત કરદાતા આ રહેઠાણના ઘરનું વેચાણ કરી સરકાર દ્વારા માન્ય બોન્ડમાં રોકાણ કરી ટેક્સ બચાવી શકે છે. આ સિવાય પણ લાંબાગાળા માટે ધારણ કરેલ અન્ય મિલકતના વેચાણ સંદર્ભે નફા સામે ટેક્સ બચાવવા કરદાતા સરકાર દ્વારા માન્ય કરાયેલ બોન્ડમાં રોકાણ કરી શકે છે. આ પ્રકારના રોકાણ કરવા માટે ઈન્કમ ટેક્સ હેઠળ સમયમર્યાદા સૂચવવામાં આવેલ છે. આ સમયમર્યાદામાં કોરોના કાળના કારણે કરદાતાઓને તકલીફો પડી હોવાની રજૂઆતો સરકારને કરવામાં આવી હતી. આ રજૂઆતોને ધ્યાને લઈ ઈન્કમ ટેક્સનું નિયમન કરતી સર્વોચ્ચ સંસ્થા સેન્ટરલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ દ્વારા ઈન્કમ ટેક્સ કાયદાની કલમ ૧૧૯ હેઠળ મળેલ સત્તાનો ઉપયોગ કરી સર્ક્યુલર બહાર પાડી આ રોકાણ કરવાની મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. લાંબાગાળાની મિલ્કત સંદર્ભે રોકાણ કરવાની મુદત તારીખ ૦૧ એપ્રિલ ૨૦૨૧ થી ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થતી હોય તેવા કરદાતાઓ માટે આ રોકાણ કરવાની મુદ્દત ૩૧ માર્ચ ૨૦૨૩ સુધી વધારવામાં આવી છે. આ મુદતમાં વધારો થતાં એવા કરદાતાઓ કે જેઓને નિયત રહેણાંકી મકાન, બોન્ડ કે અન્ય સાધનોમાં રોકાણ કરવાના બાકી રહી ગયા છે તેઓને ફરી આ રોકાણ કરવાની તક મળશે. મિલ્કત વેચાણ સામે જે કરદાતાઓએ લાંબાગાળાનો મૂડીનાફો થયેલ છે તેઓના માટે આ સોનેરી તક ગણી શકાય. આવનારા ૩ માહિનામાં નવા રહેણાંકી મકાન, નિયત બોન્ડ વગેરેમાં રોકાણ કરી ટેક્સ બચાવવા પ્રયનતો કરી જોવા જરૂરી છે. આ બાબતે શક્ય હોય ત્યાં સુધી કરદાતા પોતાના ટેક્સ કન્સલ્ટન્ટની સલાહ લઈ લે તે પણ જરૂરી છે. જો કે નિષ્ણાંતો માની રહ્યા છે કે આ વધારો ઘણો વહેલો જાહેર કરવામાં આવ્યો હોય તો અસરકારક રીતે ઉપયોગી બની શક્યો હોત. ચાલો દેર આયે દુરુસ્ત આયે....




૨. જી.એસ.ટી. કાયદા હેઠળ ઇ ઈંવોઈસ બનાવવાની મર્યાદા ૫ કરોડ કરવામાં આવેલ નથી તે અંગે મહત્વનો ખુલાસો

૦૧ જાન્યુઆરી ૨૦૨૨ થી જી.એસ.ટી હેઠળ પાછલા વર્ષમાં ૧૦ કરોડથી વધુ ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે ઇ ઈંવોઈસ બનાવવું ફરજિયાત બનાવવામાં આવેલ હતું. આજ રીતે ૦૧ જાન્યુઆરી ૨૦૨૩ થી ઇ ઈંવોઈસની ટર્નઓવરની મર્યાદા ઘટાડી ૫ કરોડ કરવામાં આવી છે તેવું ઘણા મોટા વર્ગના વેપારીઓ માની રહ્યા હતા. CBIC દ્વારા જાણીતી શોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર ઉપર આધિકારિક રીતે ખુલાસો કરી જણાવવામાં આવ્યું હતું કે હાલ ઇ ઈંવોઈસ માટેની ટર્નઓવર મર્યાદા ૧૦ કરોડ જ છે. ૫ કરોડ ઉપરના ટર્નઓવર વાળા કરદાતાઓ માટે ઇ ઈંવોઈસ લાગુ કરવા હાલ કોઈ પ્રસ્તાવ નથી. આ ખુલાસો કરવામાં આવતા વેપાર જગત માટે રાહત થઈ હતી.

૩. જી.એસ.ટી. હેઠળ નોંધણી નંબર મેળવવા હવે સિસ્ટમ કરશે PANમાં નોંધાયેલ મોબાઈલ નંબર અને ઇ મેઈલનો ઉપયોગ

જી.એસ.ટી. નોંધણી નંબર મેળવવાની કાર્યવાહીમાં કરદાતાએ પોતાનો મોબાઈલ નંબર તથા ઇ મેઈલ આપવાનું રહે છે. કરદાતા દ્વારા આપવામાં આવતા મોબાઈલ નંબર તથા ઇ મેઈલ ID ઉપર OTP મોકલવામાં આવે છે અને આ OTP આપવામાં આવે ત્યારબાદ જી.એસ.ટી. નોંધણીની કાર્યવાહી આગળ વધારવામાં આવતી હોય છે. જી.એસ.ટી. ડિપાર્ટમેંટ દ્વારા હવે આ પદ્ધતિમાં મહત્વનો ફેરફાર કરવામાં આવ્યો છે. હવે કરદાતાએ કોઈ મોબાઈલ નંબર કે ઇ મેઈલ ID અલગથી આપવાનું રહેશે નહીં પરંતુ કરદાતાના PANની વિગતો આપવામાં આવે ત્યારે આ PAN માં દર્શાવવામાં આવેલ મોબાઈલ નંબર તથા ઇ મેઈલ ઉપર જ જી.એસ.ટી. રજસ્ટ્રેશનના OTP મોકલવામાં આવશે. જી.એસ.ટી. હેઠળ લેવામાં આવતા બોગસ નંબર આપતા રોકવા આ ફેરફાર કરવામાં આવ્યો છે તેવું માનવમાં આવી રહ્યું છે. આ ફેરફારથી બોગસ નંબર તો કેટલા રોકશે એ અંદાજ હાલ આવવો શક્ય નથી પરંતુ નિષ્ણાંતો માની રહ્યા છે કે ઘણા PANમાં કરદાતાના મોબાઈલ નંબર કે ઇ મેઈલ ID જૂના હોય ત્યારે આ પ્રકારે નવી પદ્ધતિમાં નોંધણી દાખલો મેળવવામાં કરદાતાને તકલીફ પડી શકે તેવી સંભાવના રહેલી છે.

ઈન્કમ ટેક્સ તથા જી.એસ.ટી. કાયદામાં અવારનવાર નાના મોટા ફેરફારો થતાં રહેતા હોય છે. ઘણા ફેરફારો એવા છે જેની ઘણા કરદાતાઓ ઉપર મહત્વની અસર થતી હોય છે. આ ફેરફરો જાણવા કરદાતાઓ માટે જરૂરી છે.

◆ Year: 6, ◆ Issue No.15, ◆ Continue Issue No.75, ◆ Date: 21/01/2023, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.